## *ચાલુ ખાતાના વ્યવહારમાં ઉદારીકરણ*
## *એ પી (ડી આઈ આર શ્રેણી) સર્ક્યુલર ક્રમાંક 3 (17 જુલાઇ, 2003)*

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા
એક્સચેન્જ કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટ
સેન્ટ્રલ ઓફિસ
મુંબઇ - 400 001

એ પી (ડીઆઈઆર શ્રેણી) સર્ક્યુલર ક્રમાંક 3

17 જુલાઇ, 2003

પ્રતિ,
ફોરેન એકસચેન્જના દરેક માન્યતા પ્રાપ્ત ડિલર્સ

સુશ્રી / શ્રી,

*<u>ચાલુ ખાતાના વ્યવહારમાં ઉદારીકરણ</u>*

માન્યતા પ્રાપ્ત ડિલર્સનું ધ્યાન ખેંચવામાં આવે છે કે, ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ (ચાલુ ખાતાના વ્યવહારો) રૂલ્સ, 2000 ના રૂલ 5 ના શડયુલ III હેઠળ સમયાંતરે ફોરેન એકસચેન્જની મર્યાદામાં સુધારો થતો રહે છે. આ અંગે ઉદારીકરણના વધુ એક પગલાં રૂપે હાલની મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય નીચે મુજબ કરવામાં આવ્યો છે.

| ક્રમાંક | શેડયૂલ III નો આઇટમ ક્રમ | હેતુ | હાલની મર્યાદા (યૂએસડીમાં) | પ્રસ્તાવિત મર્યાદા (યૂએસડી માં) |
|---|---|---|---|---|
| 1 | 5 | વિદેશના કર્મચારી | 5,000 | 100,000 |
| 2 | 6 | ઇમિગ્રેશન | 5,000 | 100,000 |
| 3 | 7(ii) | વિદેશમાં રહેતા નિકટના સ્વજનની દેખરેખ | 5,000 | 100,000 |
| 4 | 10 | વિદેશમાં અભ્યાસ | 30,000 | 100,000 |

2. આ અનુસાર, માન્યતા પ્રાપ્ત ડિલર્સ ઉપર દર્શાવેલ રકમ તેની કેટેગરી મુજબ આપી શકશે. આ માટે કોઇ સહાયક દસ્તાવેજોનો આગ્રહ નથી, પરંતુ માત્ર ફોર્મ એ-2 માં અરજી કરી તેમાં ટ્રાન્જેકશન અને સબમિશનની વિગતનું પોતો બયાન આપવાનું રહેશે. માન્યતા પ્રાપ્ત ડિલર્સે તે પણ નક્કી કરવું કે ફોરેન એકસચેન્જની ખરીદીની ચૂકવણી અરજદારના ખાતામાંથી ચે અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ઉધારવામાં આવશે.

*<u>દાકતરી સારવાર</u>*

3. અહી માન્યતા પ્રાપ્ત ડિલર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે તા. સપ્ટેમ્બર 12, 2002 ના એ પી (ડીઆઈઆર શ્રેણી) સર્ક્યુલર ક્રમાંક.17 હેઠળ વિદેશમાં સારવાર માટે નિવાસી રોકાણકારને કોઇ પણ પ્રકારના હોસ્પિટલ / ડોકટરના ખર્ચના એસ્ટિમેટ વિના 1,00,000/- યુએસ ડોલર્સ અથવા સમકક્ષ ચલણનું ફોરેન એકસચેન્જ આપી શકાશે. અન્ય શરતો, ફકરા ત્રણ મુજબની યથાવત રહેશે.

<u>કન્સલટન્સી સર્વિસ</u>

4. એમ પણ નક્કી કરવામાં આવ્યું છે કે કન્સલટન્સી સર્વિસ ભારત બહાર આપવા માટેની રકમ મર્યાદા શેડ્યૂઅલ III ની આઇટમ 15 મુજબ 1,00,000/- થી 1 મિલિયન યુએસ ડોલર્સ કરવામાં આવી છે. માન્યતા

પ્રાપ્ત ડિલર્સને 1 મિલિયન યુએસડોલર સુધી ચૂકવણીની મંજૂરી મળે છે જો સંતોષકારક દસ્તાવેજો અરજદાર આપે તો.

5. ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ (ચાલુ ખાતાના વ્યવહારો) રૂલ્સ, 2000 ના જરૂરી સુધારા વિશે અલગથી જાણ કરવામાં આવી છે.

6. માન્યતા પ્રાપ્ત ડિલર્સે તેમના સંબંધિત લોકોને આ સકર્યુલરની સૂચના વિશે જાણ કરવી.

7. આ સકર્યુલરના સૂચનો ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એકટ 1999 (1999ના 42) ની કલમ 10(4) અને 11(1) હેઠળ છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી
મૂખ્ય મહાપ્રબંધક